# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૧/૦૨/૨૦૨૪

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સરસાણા ખાતે આયોજિત 'હેલ્થ એન્ડ વેલનેસ એક્ષ્પો' તથા 'ફૂડ એન્ડ એગ્રીટેક એક્ષ્પો'માં બે દિવસમાં ૧૫ હજારથી વધુ વિઝીટર્સે મુલાકાત લીધી

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા તા. ૧૦/૦૨/૨૦૨૪થી ૧૨/૦૨/૨૦૨૪ દરમિયાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે 'હેલ્થ એન્ડ વેલનેસ એક્ષ્પો– ૨૦૨૪' અને 'ફૂડ એન્ડ એગ્રીટેક– ૨૦૨૪' એકઝીબીશનનું આયોજન કરવામાં આવ્યું છે, જેને શહેરીજનોનો જબરજસ્ત પ્રતિસાદ મળી રહયો છે. બે દિવસમાં ૧૫ હજારથી પણ વધુ વિઝીટર્સે એક્ષ્પોની મુલાકાત લીધી હતી.

લોકો હવે ઓર્ગેનિક ફૂડ તરફ આકર્ષાઇ રહયાં છે ત્યારે આ એક્ષ્પોમાં ઓર્ગેનિક ચોખા, નાગલી, આખા અડદ, અડદની દાળ, ભગર (મોરૈયો), ખરસાણી, બાજરી, જુવાર અને રાગી વિગેરેનું સીધું વેચાણ કરવામાં આવી રહયું છે, જ્યાં મોટાભાગે સુરતીઓની ભીડ જોવા મળી રહી છે. આ ઉપરાંત નમકીન અને બેકરીની આઇટમોમાં સ્ટોલધારકો દ્વારા વિવિધ ઓફર આપવામાં આવતા લોકોની ભારે ભીડ જામી રહી છે.

આ ઉપરાંત યુવા ઉદ્યોગ સાહસિકોને બેકરી પ્રોડકટ બનાવવા માટે નાનો વ્યવસાય શરૂ કરવો હોય તો એના માટે રૂપિયા ૩ લાખથી લઇને રૂપિયા ૧૦–૧૫ લાખ સુધીના પ્રોજેકટ સંબંધિત માહિતી પણ પ્રદર્શનમાં મળી રહી છે. બેકરી પ્રોડકટ બનાવવા માટે મશીનરીની માહિતી યુ–ટયુબ ઉપર સર્ચ કરતા યુવાનોને આ પ્રદર્શનમાં રૂબરૂ પ્લાન્ટ નાંખવા માટે તથા બેકરીના વિવિધ પ્રોડકટ્સ સંબંધિત માહિતી મળી રહી છે.

આ એક્ષ્પોમાં હેલ્થ એન્ડ વેલનેસ વિશે પણ લોકોને એકજ સ્થળે સુરતમાં ઉપલબ્ધ તબીબી સારવાર તેમજ મેડીકલ સુવિધાઓ વિશે માહિતી મળી રહી છે. બીજી તરફ, ડોનેટ લાઇફ સંસ્થા દ્વારા પણ લોકોને અંગદાન માટે જાગૃત કરવામાં આવી રહયા છે. આ પ્રદર્શનમાં પ્રથમ દિવસે ૫૨૫૨ જેટલા લોકોએ મુલાકાત લીધી હતી. જ્યારે આજે રવિવારે બીજા દિવસે ૧૦૨૦૦થી પણ વધુ લોકોએ પરિવારની સાથે મુલાકાત લીધી હતી. બે દિવસમાં કુલ ૧૫૪૫૨ જેટલા લોકોએ પ્રદર્શનની મુલાકાત લઇને ખરીદી કરી હતી.